સમુદ્ર નદી કરતાં હંમેશા
નીચે હોય છે, માટે નદીઓ
દોડતી સમુદ્રમાં ડૂબી જાય
છે, નીચે રહેવામાં તમે
હંમેશા જીતી શકો છો
- ચીની કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૫ | ૧૫ જૂન, ૨૦૧૪, રવિવાર; જેઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર બન્યુ આંધીનગર

## મોડી સાંજે ૮ થી ૧૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા પાટનગરના વાતાવરણમાં ભારે બદલાવ જણાયો : પાક પણ પાણી વિના સુકાવાની અણી પર : ખેડૂતો પણ ચિંતાતુર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે પણ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું અને બફારો અસહ્ય લાગતો હતો પરંતુ વરસાદ ન વરસતાં લોકોમાં ચિંતાની લકીરો જણાતી હતી.

મોડી સાંજે ૮ થી ૧૦ કિ.મી.ની ઝડપે ફુંકાયેલા પવનને કારણે પાટનગરમાં ઠેર ઠેર આંધીનું વાતાવરણ સર્જાયું હતું.

ખેડૂતો પણ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. પાકને પાણી આપવાની જરૂરિયાત પણ ઉભી થઈ છે. કપાસ અને શાકભાજીના પાકને જો એક-બે દિવસમાં પાણી નહિ મળે તો તે સુકાઈ જવાની ભીતી છે.

આજે સાંજે પવન સાથે સર્જાયેલ આંધીને કારણે દ્વિચક્રી વાહન-ચાલકોને ભારી હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ વાહનચાલકો અટવાઈ ગયાનું માનતા હોય તેવું જણાતુ હતુ. ઘરની ઓસરીઓમાં પણ રેતીના થર

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)






















